દિવ્ય ભાસ્કર અમદાવાદ ફ્રન્ટ પેજ.૦૧ તા. ૩૦.૦૭.૨૦૨૫

# અમદાવાદ ફ્રંટ પેજ



મેટ્રોના નવા કોચની છત પર વારલી પેઈન્ટિંગમાં ગરબાની થીમ રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત ઉત્તરાયણના પર્વની પણ ડિઝાઈન જોવા મળશે.

### હાલના કોચ દક્ષિણ કોરિયાના છે, નવા કોચનું નિર્માણ ભારતમાં જ કરાયું છે

## મેટ્રોને 3 કોચની 10 નવી ડ્રાઈવરલેસ ટ્રેન દિવાળી સુધી મળશે, કોચમાં ગરબા-ઉત્તરાયણની ડિઝાઈન

**ભાસ્કર એક્સક્લુઝિવ**

ઓમકારસિંહ ઠાકુર | અમદાવાદ

અમદાવાદ મેટ્રો ફેઝ-2 માટે તેમજ સુરત મેટ્રો માટે ઓક્ટોબર સુધીમાં નવી ટ્રેનો આવી જશે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને અમદાવાદ મેટ્રો માટે 3 કોચની 10 ટ્રેન માટે લગભગ 350 કરોડ જ્યારે સુરતમાં 24 મેટ્રો માટે 866 કરોડનો કોન્ટ્રાક્ટ ટીટાગઢ રેલ સિસ્ટમને આપ્યો છે. અમદાવાદમાં આવનારી તમામ 10 મેટ્રો ડ્રાઈવર લેસ હશે અને દિવાળી સુધીમાં આવી જશે. કોચમાં ગરબા અને ઉત્તરાયણના પર્વની ડિઝાઈન જોવા મળશે. હાલમાં આ તમામ નવી ટ્રેનોનું મેન્ટેનન્સ અને પાર્કિંગ ગ્યાસપુર ડેપો ખાતે કરવામાં આવશે. જ્યારે ઈન્દ્રોડા પાર્ક ખાતેનો ડેપો તૈયાર થયા બાદ આ તમામ નવી ટ્રેનોનું પાર્કિંગ અને મેન્ટેનન્સ ત્યાં જ કરવામાં આવશે.

### 3 કોચની પ્રત્યેક ટ્રેનની કિંમત 35 કરોડ, ગ્યાસપુરમાં મેન્ટેનન્સ થશે

શહેરમાં ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલથી થલતેજ સુધી તેમજ નોર્થ સાઉથ કોરિડોરમાં એપીએમસીથી મોટેરા અને ત્યાંથી આગળ સચિવાલય સુધીના રૂટ પર દોડતી 3 કોચની તમામ 32 મેટ્રો ટ્રેનનું નિર્માણ રૂ.1025 કરોડના ખર્ચે દક્ષિણ કોરિયાની હુંડાઈ રોટેમ કંપનીમાં કરાયું હતું. આ વખતે તમામ કોચ પશ્ચિમ બંગાળના ઉત્તરપાડા સ્થિત ટીટાગઢમાં તૈયાર કરાઈ રહ્યા છે. 3 કોચની પ્રત્યેક ટ્રેનની કિંમત 35 કરોડ છે, ગ્યાસપુરમાં મેન્ટેન્સ થશે.

### ડિસેમ્બરથી મેટ્રો મહાત્મા મંદિર સુધી દોડતી થશે

જીએમઆરસી દ્વારા ફેબ્રુઆરી 2019માં રૂ.5384 કરોડના ખર્ચે મોટેરાથી મહાત્મા મંદિર સુધી 28 કિમી રૂટ માટે ફેઝ-2 પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. મોટેરાથી સચિવાલય તથા સે.10 સુધી મેટ્રોનું સંચાલન શરૂ કરી દેવાયું છે. સે.10થી મહાત્મા મંદિર સુધીના રૂટની કામગીરી નવેમ્બરમાં પૂર્ણ થવાની શક્યતા છે. ડિસેમ્બરના અંત સુધીમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો દોડતી થવાની શક્યતા છે.

### મેક ઈન ઈન્ડિયા કોચની વિશેષતા 80થી 90 કિમીની ઝડપે દોડશે

મેટ્રોના નવા તમામ કોચ સ્ટેનલેસ સ્ટીલ બોડીના બનાવવામાં આવ્યા છે.

**આ કોચને 80-90 કિમીની ઝડપે દોડાવી શકાશે. અને ઓટોમેટિક ટ્રેન ઓપરેશનને અનુરૂપ કોચ તૈયાર કરવામાં આવ્યા છે.**

કોચમાં ફાયર ડિટેક્શન સિસ્ટમ સાથે એરકંડિશન્ડ, સીસીટીવી લગાવેલા હશે.

ડિજિટલ ડિસ્પ્લે સિસ્ટમ, સ્માર્ટ પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ સજ્જ હશે.